લખધીરજી ઈજનેરી કોલેજ, મોરબી

નં.: એલઈસી/હોસ્ટેલ/૫૧

રેક્ટરશ્રીની કચેરી,
હોસ્ટેલ વિભાગ,
એલ. ઇ. કોલેજ, મોરબી

તા. **06-08-2026**

## <u>કચેરી આદેશ</u>

વિષય : નવા પ્રવેશ મેળવેલ પ્રથમ વર્ષ બી.ઈ. સેમેસ્ટર-૧ અને ડીટુડી સેમેસ્ટર-૩ ના વિદ્યાર્થીઓને સેમેસ્ટર, બ્રાંચ અને મેરીટના ધોરણે જુદી-જુદી હોસ્ટેલમાં આપેલ એડમિશન બાબત.

સંદર્ભ : તા. **05-08-2026** નું હોસ્ટેલ એડમિશન લિસ્ટ

ઉપરોક્ત વિષય અન્વયે તા. **05-08-2026** ના રોજ એડમિશન કમિટીની મળેલ મીટીંગમાં લેવાયેલ નિર્ણય અને ભલામણ પ્રમાણે આ સાથેના લિસ્ટ મુજબના નવા પ્રવેશ મેળવેલ પ્રથમ વર્ષ બી.ઈ. સેમેસ્ટર-૧ અને ડીટુડી સેમેસ્ટર-૩ ના વિદ્યાર્થીઓને સેમેસ્ટર, બ્રાંચ અને મેરીટના ધોરણે હોસ્ટેલમાં એડમિશન આપવામાં આવે છે.

હોસ્ટેલમાં એડમિશન ફી ભરીને વિદ્યાર્થીઓએ બોયઝ હોસ્ટેલ માટે ન્યુ હિલ, એન.વી.પી. અને ન્યુ હોસ્ટેલ ના વોર્ડનશ્રીને રૂમ ફાળવણી માટે મળવાનું રહેશે. હોસ્ટેલ ફી (ફી રૂ. ૫૭૫/- + ડિપોઝીટ રૂ. ૫૭૫/- = કુલ રૂ. ૧૧૫૦/-) તા. 08-08-2026 થી તા. 1**2**-08-2026 દરમિયાન સંસ્થાની વેબસાઇટ પર ઓનલાઇન ભરવાની રહેશે. ફી ભર્યાની રસીદની એક કોપી પોતાના વોર્ડનશ્રીને તા. **13-08-2026** સાંજ સુધીમાં આપવાની રહેશે, અન્યથા તેમનું હોસ્ટેલ એડમિશન રદ કરવામાં આવશે.

આ સાથે નીચે જે વિદ્યાર્થીઓને હોસ્ટેલ ફી ભરવાની છે તેની વિગતનું પત્રક સામેલ છે.

પ્રો. જે. એચ. સોલંકી (મીકેનીકલ વિભાગ) તથા પ્રો. જી. એન. સરવૈયા (ઇલેકટ્રીકલ વિભાગ) નો સંપર્ક ઉપરોક્ત સમયગાળા દરમ્યાન કરવાનો રહેશે.

Payment link :

https://paydirect.eduqfix.com/app/cuthn3y97cDKosUKeu4xCg01kgiuN9URryCbb2LJR6aVeUOZAo7yd4TB6jSLGeV/1495

રેક્ટર
એલ. ઇ. કોલેજ, મોરબી

નકલ :

(૧) કોલેજ નોટીસ બોર્ડ પર.

(૨) હોસ્ટેલ ઓફિસના નોટીસ બોર્ડ પર.

(૩) તમામ હોસ્ટેલના વોર્ડનશ્રીઓને જાણ તથા જરૂરી કાર્યવાહી સારુ.

(૪) ચેરમેનશ્રી, એડમિશન કમિટીને જાણ અર્થે.

(૫) નકલ સાદર રવાના આચાર્યશ્રી, એલ. ઇ. કોલેજ, મોરબી.

લખધીરજી ઈજનેરી કોલેજ, મોરબી

નં.: એલઈસી/હોસ્ટેલ/૫ર

રેકટરશ્રીની કચેરી,
હોસ્ટેલ વિભાગ,
એલ. ઇ. કોલેજ, મોરબી

તા. **06-08-2026**

પરિપત્ર

વિષય : નવા પ્રવેશ મેળવેલ પ્રથમ વર્ષ બી.ઈ. સેમેસ્ટર-૧ અને ડીટુડી સેમેસ્ટર-૩ ના વિદ્યાર્થીઓને સેમેસ્ટર, બ્રાંચ અને મેરીટના ધોરણે હાલમાં મળેલ હોસ્ટેલ એડમીશનના અનુસંધાને આગળની કાર્યવાહી બાબત જરૂરી સુચના.

સંદર્ભ : હોસ્ટેલ એડમીશન કચેરી આદેશ નં. એલઈસી/હોસ્ટેલ/, તા. **05-08-2026**

(૧) હોસ્ટેલમાં એડમિશન ફી ભરીને વિદ્યાર્થીઓએ બોયઝ હોસ્ટેલ માટે ન્યુ હિલ, એન.વી.પી. અને ન્યુ હોસ્ટેલ ના વોર્ડનશ્રીને રૂમ ફાળવણી માટે મળવાનું રહેશે. (ફી રૂ. ૫૭૫/- + ડિપોઝીટ રૂ. ૫૭૫/- = કુલ રૂ. ૧૧૫૦/-) તા. ૦૮-૦૮-૨૬ થી તા. ૧**2**-૦૮-૨૬ દરમિયાન સંસ્થાની વેબસાઈટ પર ઓનલાઈન ભરવાની રહેશે. ફી ભર્યાની રસીદની એક કોપી પોતાના વોર્ડનશ્રીને તા. ૧૩-૦૮-૨૬ સાંજ સુધીમાં આપવાની રહેશે, અન્યથા તેમનું હોસ્ટેલ એડમિશન રદ કરવામાં આવશે.

(૨) હોસ્ટેલમાં એડમિશન લેનાર વિદ્યાર્થીએ રૂમને લોક કરવાનું તાળું સાથે લાવવાનું રહેશે.

(૩) હોસ્ટેલમાં એડમિશન લેનાર વિદ્યાર્થીએ હોસ્ટેલના તેમજ સંસ્થાના નિયમોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૪) હોસ્ટેલમાં એડમિશન લેનાર વિદ્યાર્થીએ સંસ્થાની વેબસાઈટ ઉપરથી ગુજરાતીમાં અને અંગ્રેજીમાં હોસ્ટેલનું ફોર્મ ડાઉનલોડ કરી, પ્રિન્ટ કાઢી ભરીને સાથે લેતા આવવાનું છે અને બે ફોટોગ્રાફ સાથે લાવવાના રહેશે તથા હોસ્ટેલના વોર્ડનશ્રીને અપલોડ કરેલા જરૂરી ડોક્યુમેન્ટની સ્વપ્રમાણિત નકલ અચૂક જમા કરાવવાની રહેશે. ડોક્યુમેન્ટ વેરીફીકેશન માટે ઓરીજીનલ ડોક્યુમેન્ટ સાથે લાવવા.

(૫) હોસ્ટેલમાં એડમિશન લેનાર વિદ્યાર્થીએ હોસ્ટેલ ઓફિસ ખાતેથી કચેરી સમય દરમિયાન રૂ. ૨૦/- આપી હોસ્ટેલ ઓળખપત્ર (આઈડેન્ટીટી કાર્ડ) મેળવી તેમાં ફોટોગ્રાફ લગાવી જરૂરી વિગત ભરી વોર્ડનશ્રીની સહી કરાવી સાથે રાખવાનું રહેશે.

(૬) હોસ્ટેલ એડમિશનનું રાઉન્ડ-૨ નું લિસ્ટ તા. ૧૪-૦૮-૨૬ ના રોજ પ્રસિધ્ધ કરવામાં આવશે.

રેકટર
એલ. ઇ. કોલેજ, મોરબી

નકલ રવાના :

(૧) કોલેજ નોટીસ બોર્ડ પર.

(૨) હોસ્ટેલ ઓફિસ નોટીસ બોર્ડ પર.

(૩) તમામ હોસ્ટેલના વોર્ડનશ્રીઓને જરૂરી કાર્યવાહી કરવા સારુ. (એડમીશન ફોર્મ અને ડોક્યુમેન્ટસ વેરીફાય કરીને તમારી હોસ્ટેલમાં નવા એડમીશન મેળવેલ બધા વિદ્યાર્થીઓના અંગ્રેજી ફોર્મ ડોક્યુમેન્ટસ સાથે હોસ્ટેલ ઓફિસે જમા કરાવવા, ગુજરાતી ફોર્મ વોર્ડનશ્રી પોતાની ફાઈલમાં રાખશે. જે વિદ્યાર્થીઓએ ફી ભરી એડમીશન કન્ફર્મ કરાવેલ ન હોય તેમના નામ સાથેનું લીસ્ટ તા. ૧૩-૦૮-૨૬ બપોરના ૦૧:૦૦ સુધીમાં હોસ્ટેલ ઓફિસે જમા કરાવવું.)

(૪) ચેરમેનશ્રી, એડમિશન કમિટીને જાણ અર્થે.